


"આજે કાળી ચૌદસ... સાધનાનું પાવન પર્વ... કંકાસ... કઝીયો... કકળાટ દૂર કરવાનુ પારંપારિક પર્વ... ખરૂને..?!"

"હા... ભાઈ... હા..! દિપાવલીનો અજવાસ આપણા અંતરમાં પ્રગટે એની પૂર્વ સંધ્યાએ કજીયા-કંકાસ કાઢવા..!! આજ આપણી પરંપરાને..?!"

"સાહેબ..! આજકાલ તો ગ્રહો કરતાં પૂર્વગ્રહોનું સ્થાન મજબુત છે... ભૂતપ્રેતથી બીક નથી લાગતી... એટલી માણસોથી બીક લાગે છે..!! કોની કોની સાધના કરીશુ..?! અને કોનો-કોનો કકળાટ કાઢીશુ..?!"

"બહુ અઘરો પ્રશ્ન પુછ્યો..! દસે દિશાઓમાં કકળાટ છે..! એ વાત સો ટકા સાચી છે..! પણ આપણે તો સ્વ થી શરૂ કરીએ તો સર્વ સુધી પહોંચીશુ..! જીવનથી શરૂ કરીએ તો જગત સુધી પહોંચીશુ..!!"

"કવિ દલપતરામે તો સાચે જ કહ્યું છે ને, કે આપણું આંગણું આપણે સાફ કરીશુ તો ગામ આપોઆપ સાફ થઈ જશે..! સવાલ માત્ર શરૂઆતનો છે... અને સવાલ માત્ર પોતાની જાતનો છે..!!"

"તમે તો જાણે સાધનાની શરૂઆત કરી દીધી હોય તેવી વાત કરો છો..!! કકળાટ વિના મજા કેવી રીતે આવશે..?! પછી ત્રીજા પુરૂષ એક વચનમાં વાત કેવી રીતે થશે..?! ટી.વી. સીરીયલો કેવી રીતે ચાલશે..?!"

"અરે..! ફરી ફરીને પાછા ત્યાં ને ત્યાં..! ગામની પટલાઈ છોડોને..! ગામ સુધરે કે ના સુધરે... આપણે કંકાસ મુક્ત થઈએ..!! વિચાર-વાણી અને વર્તનથી કકળાટ મુક્ત જીવનનો સંકલ્પ કરીએ..!!"

"પણ એમાં કરવાનું શું ભાઈ..?! આ તો ઉપદેશની વાત છે..! કકળાટ ના થાય..! એના માટે શું શું ધ્યાન રાખવું જોઈએ...કહો જોઈએ..!!"

"બહુ સીધુ-સાદુ છે..! કોઈકની ટીકા કરવાની છોડી દઈએ... આપણા વિચારો બીજા ઉપર લાદવાના છોડી દઈએ..! અને કોઈને ઉપયોગી થવાય તો થઈએ નહીં તો... નડીએ તો નહીં જ..!!"

"હં....અ... આ તો શીરા જેવી વાત છે... ગળે ઉતરી જાય..! બસ આટલુ કરીએ એટલે વાંધો નહિ આવે ને..?!! .... નહીં તો ઘણી વખત શું થાય છે..! આપણે સીધા રસ્તે... સીધી રીતે ચાલતા હોઈએ ને કોઈક અથડાઈ જાય તોય અકસ્માત થાય છે..! કોઈને વાંધા વચકા પડે તોય કકળાટ થાય છે..!! એ સાલુ અઘરૂ તો છે...

"એટલે-બેટલે કંઈ નહીં... 'શુભસ્ય શીધ્રમ'...! આજ કકળાટ કાઢવાનો સીધો સાદો અસરકારક ઉપાય છે..! પછી ચાર રસ્તે વડા નહીં મુકીએ તોય ચાલશે..! સ્મશાને જઈને સાધના નહી કરીએ તોય ચાલશે..!! મંત્રો જાપ નહીં કરીએ તોય ચાલશે..! અને ભુવા તાંત્રિકોના ત્યાં નહીં જઈએ તોય ચાલશે... આજ સાધના છે... આજ ઉપાસના છે..!!"

"અરે વાહ..!! ખુબ સુંદર અને સરળ વાતને આપણે કેટલી ગુંચવીએ છીએ એનું આ પ્રમાણ છે..!! દિપાવલીની રોશની કરીએ... મીઠાઈ વહેંચીએ... શુભેચ્છાના મેસેજનો ધોધ વરસાવીએ..! પણ અંતરનો ઉજાસ... અંતરનો ઉત્સાહ... અને અંતરનો ઉમંગ નહીં પ્રગટાવી શકીએ... ત્યાં સુધી દિવાલીની ઉજવણી માત્ર કર્મ-કાંડ રહેશે..!!"

"હા...હા..! અમે આમ જ ઉજવીશુ... તમે પણ..!!"

- નિમિત્ત માત્ર

# સંત સરોવરથી કોટેશ્વર સુધી નદીના બન્ને કિનારાના વિસ્તારમાં રેતી-ખનન પર પ્રતિબંધ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સીમાડે આવેલ સંત સરોવરથી લઈ કોટેશ્વર સુધીના નદી પરના વિસ્તારને રેતી ખનન માટે પ્રતિબંધિત કરતા હુકમો જિલ્લા કલેક્ટર સતીષ પટેલે જારી કર્યા છે

## હુકમનો ભંગ કરનાર સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે : જિલ્લા કલેક્ટર

એટલુ જ નહિ પણ આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ આ હુકમમાં જણાવાયું છે.

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી સાબરમતી નદીના પટ વિસ્તારમાં રેતી ચોરીના બનાવો પણ બની રહ્યા છે પરંતુ તંત્રએ હવે આ અંગે લાલ આંખ કરી છે. સંત સરોવરથી કોટેશ્વર સુધીના વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી દેવામાં આવ્યો છે.

નદીના પટ તથા નદીના બંને કિનારા સહિતના નદી વિસ્તારમાં રેતી/માટી ખનનના લીધે સાબરમતી નદીનો વિસ્તાર ઊંડો થવા પામેલ છે. જેથી સાબરમતી નદીના પટ વિસ્તારમાં થઈ રહેલ રેતી/માટી ખનનથી થતા નુકશાન સંબંધે ઉચ્ચ કક્ષાની સમિતિને સર્વગ્રાહી પાસાનો અભ્યાસ કરી અહેવાલ તૈયાર કરવાની કામગીરી સુપ્રત કરેલ હતી.

કમિટિએ સર્વગ્રાહી અભ્યાસ કરી પર્યાવરણીય તથા અન્ય પાસાઓ ધ્યાને લઈ નદી પટમાંથી રેતીના ખનન/વહનથી થતાં નુકશાનનો અહેવાલ રજુ કરેલ છે. આમ, કમિટિના રિપોર્ટ મુજબ સદર ખનન રોકવામાં ન આવે તો નદીના પટ વિસ્તારમાં તથા કિનારા પર રહેલા મહત્વના પ્રોજેક્ટ તથા પર્યાવરણને ગંભીર નુકશાની થઈ શકે તેમ છે. તેમજ નદી કિનારાનું ધોવાણ થાય તો ભુસ્ખલન જેવી પરિસ્થિતિનું સર્જન થઈ શકે તેમ છે જેના લીધે ભવિષ્યમાં નદી કિનારાના વસાહતી ગામો તથા પર્યાવરણને મોટા પાયે નુકશાન થાય તેમ છે.

જે તમામ હકીકતોની પુખ્ત વિચારણા કરતાં પર્યાવરણ, જાહેર બાંધકામ તથા માનવીય હિતોને ધ્યાને લઈ સાબરમતી નદીમાં ગાંધીનગર જિલ્લાના હદ વિસ્તાર સંત-સરોવર, ગાંધીનગરથી કોટેશ્વર, ગાંધીનગર જિલ્લાની હદ સુધીના નદીના પટ તથા નદી બંને કિનારા સહિતના નદી વિસ્તારમાં રેતી/માટીના ખનન તથા વહન પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે. (આ જાહેરનામાથી પ્રતિબંધિત કરેલ વિસ્તાર સિવાયના અન્ય માન્ય વિસ્તારોમાંથી એકત્રિત/ખનન કરેલ રેતી/માટીના વાહન બ્રીજ/જાહેર માર્ગ ઉપરથી વહન કરી શકાશે.

જિલ્લા કલેક્ટરે તેમના જાહેરનામામાં જણાવ્યુ છે કે આ હુકમ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) (ત) થી પ્રાપ્ત થયેલ સત્તાને આધીન રહી કરેલ છે.

આ હુકમનો ભંગ કરનાર સામે પોલીસ અધિનિયમ ૧૯૫૬ની કલમ ૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ અન્વયે શિક્ષાને પાત્ર ઠરશે.



નગર દેવતા પંચદેવ મંદિર દિવાળીનો ઝળહળાટ.....

# ગાંધીનગર અક્ષરધામનો ભવ્ય રજતજયંતિ મહોત્સવ ઉજવાશે

## પૂ. મહંત સ્વામી અક્ષરધામ ખાતે ૧૧ દિવસ રોકાણ કરશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના અક્ષરધામ મંદિરની સ્થાપનાની રજત જયંતિ મહોત્સવની ઉજવણીનું ભવ્ય આયોજન





કરવામાં આવ્યું છે. આ રજત જયંતિ મહોત્સવ પ્રસંગે બીએપીએસના વડા પૂ. મહંત સ્વામી ગાંધીનગર અક્ષરધામ ખાતે આશરે ૧૧ દિવસનું રોકાણ કરશે.

વિશ્વમાં ગાંધીનગરને આગવી ઓળખ પ્રદાન કરનાર અક્ષરધામને ૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. અક્ષરધામ મંદિરની સ્થાપના સમયે ઉજવાયેલ ભવ્ય મહોત્સવને હજુ પણ નગરજનો ભૂલી શક્યાં નથી. પૂ. પ્રમુખ સ્વામીના માર્ગદર્શનમાં તેમના સ્વપ્ન સમાન અક્ષરધામે ગાંધીનગરની ધરતી પર આકાર લીધો તેના રજત જયંતિ મહોત્સવને પણ એટલી જ ભવ્ય રીતે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે તા. ૨૩મી ઓક્ટોબરે પૂ. મહંત સ્વામી મહારાજનું અક્ષરધામ ખાતે આગમન થશે અને તે દિવસે તેઓ સ્વાગત સભાને સંબોધન કરશે. તા. ૨૩મી ઓક્ટોબરથી તા. ૨જી નવેમ્બર સુધી ચાલનારા આ મહોત્સવમાં મહાઅન્નકૂટ, બાલદિન, સાંસ્કૃતિક કાર્યક્રમો, યુવક દિન, આર્ષ સેમિનાર, ગ્રામ્ય દિન, કાર્યકર દિન, પ્રબોધિની એકાદશી જેવા પ્રસંગો ઉજવાશે.

### રજત જયંતિ મહોત્સવમાં વડાપ્રધાન ઉપસ્થિત રહેવાની સંભાવના

અક્ષરધામ રજત જયંતિ મહોત્સવમાં તા. ૨જી નવેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહે તેવી સંભાવના છે. અક્ષરધામ રજત જયંતિ મહોત્સવમાં તા. ૨જી નવેમ્બરે અંતિમ દિવસે ભવ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે જે ફરી એકવાર ગાંધીનગરના નગરજનોને અક્ષરધામના સ્થાપના મહોત્સવની યાદ અપાવશે.

# જન વિકલ્પના પ્રદેશ માળખામાં ગાંધીનગરના ૪ આગેવાનો સમાવાયા

## પૂર્વ ડે. મેયર યુસુફ પરમારને મહામંત્રી બનાવાતાં જિલ્લાનું રાજકારણ ગરમાયુ

ગાંધીનગર, તા. ૧૭


ગુજરાતમાં નવી રચાયેલ જન વિકલ્પ પાર્ટીમાં પ્રદેશ હોદ્દેદારોની આજે વિધિવત્ ઘોષણા કરવામાં આવી છે જેમાં ગાંધીનગરના ચાર આગેવાનોનો સમાવેશ કરાતાં જિલ્લાનું રાજકીય વાતાવરણ ગરમાયુ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના પૂર્વ ડેપ્યુટી મેયર યુસુફભાઈ આઈ. પરમારને મહામંત્રી બનાવવામાં આવ્યા છે. જ્યારે કલોલના અગ્રણી કાંતીજી ઠાકોરને પ્રદેશ ઉપાધ્યક્ષ પદ આપવામાં આવ્યુ છે.


આ ઉપરાંત ગાંધીનગર શહેરમાંથી પાર્થેશ પટેલને મંત્રી પદ તેમજ શ્રીમતિ મધુબેન શ્રીમાળીને પણ મંત્રીપદ આપવામાં આવ્યુ છે.

જન વિકલ્પની રચના પૂર્વે વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાના આશીર્વાદથી અને માર્ગદર્શન નીચે કરવામાં આવી છે. આજે અમદાવાદ ખાતે પત્રકાર પરિષદ યોજી મોરચાને વિધિવત્ રાજકીય પક્ષમાં રૂપાંતરિત કરવાની ઘોષણા

● અનુસંધાન પાન-૭ પર

## વીરમાયા સ્મારક સમિતિ
## ગુજરાત વણકર સમાજ - પાટણ



### મેઘમાયા રથયાત્રાનું સૌરાષ્ટ્ર વિસ્તારમાં તા. ૧/૧૦/૧૭ થી તા ૧૨/૧૦/૧૭ સુધી ભ્રમણ

વીરમાયા સ્મારક સમિતિ, ગુજરાત વણકર સમાજ તરફથી શહીદવીર મેઘમાયાના સ્મરણાર્થે સૌરાષ્ટ્ર વિસ્તારના વિવિધ સ્થળો બાવળા (અમદાવાદ) મુકામેથી રથનું પ્રસ્થાન કરાવી, બગોદરા, લીંબડી, વઢવાણ, જોરવરનગર, સુરેન્દ્રનગર, ધાંગધ્રા, હળવદ, વાંકાનેર, મોરબી, ટંકારા, ધ્રોલ, ફલ્લા, જામનગર, ધોરાજી, જૂનાગઢ, ગીરનારની તળેટી, રાજકોટ શહેર - ગ્રામ્ય વિસ્તાર, છેલ્લે કોટડા - સાંગાણી તાલુકાના મેંગણી ગામે ભીમ સાહેબની જગામાં મેઘમાયા રથની પૂર્ણાહુતિ કરવામાં આવેલ અને મેઘમાયાનો સંદેશ સમાજમાં પહોંચાડેલ છે.

પાટણના સહસ્ત્રલીંગ સરોવરમાં પાણી માટે હોમાયેલ આ દલિત મહામાનવના બલિદાનનું રોમાંચકારી સ્મરણ તમામ દલિત સમાજે ખૂબ લાગણીસભર ઉષ્માભેર આવકાર આપેલ છે.

**આપના સ્નેહાધીન**

| | | |
|---|---|---|
| કે. આઈ. પટેલ<br>મંત્રી | ડી. પી. પરમાર<br>મહામંત્રી | ઝવેરભાઈ ચાવડા<br>(Retd. IAS) |
| રમેશભાઈ સોલંકી<br>સંયોજક | વિઠ્ઠલભાઈ પરમાર<br>સહસંયોજક | રતિભાઈ મકવાણા<br>સહસંયોજક |
| શામળભાઈ સુતરીયા<br>સહસંયોજક | પાનાચંદ સોલંકી<br>સહસંયોજક | સતિષ શાહ<br>સહસંયોજક |
| તરૂણભાઈ સોલંકી<br>સહસંયોજક | સિદ્ધાર્થ ડી. જાદવ<br>સહસંયોજક | જોઈતારામ તલાટી<br>સહસંયોજક |




## ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT BRIDGESTONE



તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


# સ્વચ્છતાના મુદ્દે નગરની જીઆઈડીસીનો ત્રીજો ક્રમ પણ સરકારે ઈનામ આપ્યુ નથી

## સાણંદમાં ૬ મહીના અગાઉ મુખ્યમંત્રીએ જાહેરાત કરી હતી : માળખાગત સુવિધા માટેનુ ફંડ પણ મળ્યુ નથી : ઉદ્યોગકારો આગ બબુલા ચુંટણીનો બહિષ્કાર કરશે

ગાંધીનગર તા ૧૭

પ્રધાનમંત્રીના સ્વચ્છ ભારતના અભિયાનને વેગ આપવા માટે સરકારી તંત્ર પ્રયત્નશીલ હોવાની સાથે અનેકવાર હાથમાં ઝાડુ પકડી ફોટોજનિક સફાઈ અભિયાનને વેગ આપતી ઝુંબેશમાં જોડાય છે. પરંતુ સફાઈના નામે હાલ પાટનગરના સેકટરોની શેરીઓમાં પણ મીંડુ ચિતરાયેલુ છે. ત્યારે સ્વચ્છતા ઝુંબેશને પ્રોત્સાહીત કરવાનુ પણ

● અનુસંધાન પાન-૭ પર

# આજે રૂપાણી મહુડી જશે

ગાંધીનગર, તા. ૧૭

રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે કાળી ચૌદસના દિવસે મહુડીના ઘંટાકર્ણ મહાવીર સ્વામીના દર્શનાર્થે જશે.

સવારે ૧૦ વાગે તેઓ મહુડી પહોંચશે અને ત્યાં દર્શન કરી તુરત જ પરત ફરશે.

# બેવડી ઋતુ પ્રવર્તતા રવિ સીઝનની વાવણીનું કામ વિલંબમાં પડ્યું

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલામાં રવિ સીઝનની વાવણી પ્રતિકુળ હવામાનને કારણે મોડી શરૂ થશે.

દિવસ દરમ્યાન ઉનાળાના આકરા તાપ જેવો તાપ પડતો હોય છે જ્યારે રાત્રે વાતાવરણમાં ઠંડક પ્રસરતી જોવા મળે છે. આમ બેવડી ઋતુ પ્રવર્તતી હોવાથી રવિ સીઝનની વાવણી સામાન્યતઃ ૧૫ ઓક્ટો. થી શરૂ થતી હોય છે તે આ વખતે મોડી થશે.

ખેડૂતોનું માનવું છે કે રવિ સીઝનની વાવણી માટે હાલ વાતાવરણ યોગ્ય નથી તેમજ ગરમીનું પ્રમાણ જે દિવસે નોંધાઈ રહ્યુ છે તે વધુ પડતુ છે. દિવસ દરમ્યાન ૩૬ થી ૩૯ ડિગ્રી જેટલુ તાપમાન રહેતુ હોય છે.

રવિ સીઝનની વાવણી માટે દિવસનું તાપમાન ૨૫ થી ૨૮ ડીગ્રી રહે અને રાત્રિનું તાપમાન પણ ૨૦ ડિગ્રીની આસપાસ રહે તો જ રવિસીઝનની વાવણીને અનુકૂળ આવી શકે.

જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર ૬૦ થી ૬૫ હજાર હેક્ટર વિસ્તારમાં થતુ હોય છે. જેમાં ઘઉં સહિતના પાક લેવામાં આવતા હોય છે.

જિલ્લામાં હવામાનની પ્રતિકૂળતાને લઈ હાલ ખેડૂતોમાં ચિંતાની લાગણી જોવા મળી રહી છે. જો કે જિલ્લાના છુટા છવાયા વિસ્તારમાં રાયડાના પાકનું વાવેતર થયુ હોવાનું પણ જાણવા મળેલ છે.

## નિવિદા

### આર.સી.સી.ના ઢાંકણા પૂરા પાડવા બાબત

ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યૂરો (ગુજરાત સરકારની સંસ્થા), ગાંધીનગર ખાતે સેક્ટર-૧૭ સ્થિત હેલીપેડ પ્રદર્શન મેદાન ખાતે વિવિધ સાઈઝના આર.સી.સી.ના ઢાંકણા પૂરા પાડવા માટે રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી સીલબંધ કવરમાં ભાવપત્રક મંગાવવામાં આવે છે. ભાવપત્રક ભરવાનો નમૂનો www.indextb.com પરથી મેળવી શકાશે. ભાવપત્રક મોકલવાની છેલ્લી તા. ૨૭/૧૦/૨૦૧૭ના રોજ ૨.૦૦ કલાક સુધીમાં અર્નેસ્ટમની ડીપોઝીટ પેટે રૂ. ૧૦,૦૦૦/-ના ઈન્ડેક્ષ્ટબીના નામના ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે નીચેના સરનામે પહોંચતા કરવાના રહેશે.

**Managing Director**
Industrial Extension Bureau
BlockNpo. 18, 2nd Florr,
Undyog Bhavan,
Gandhinagar-382010
Ph. 079-23250492/93

iNDEXTb
INDUSTRIAL EXTENSION BUREU
(A GOVT OF GUJARAT ORGANISATION)
ISO 9001:2000 Certified

## દ્વિતિય પુણ્યતિથિ નિમિત્તે
# ભાવભિની શ્રદ્ધાંજલિ



**સ્વ. પુષ્પાબેન અવિનાશભાઈ રાવલ**
વિ.સં. ૨૦૭૨ આસોવદ - ચૌદસ
સ્વ. તા. ૧૦/૧૧/૨૦૧૫

જનનીની જોડ સખી નહીં જડે રે લોલ
આંખોમાં આંસુ અને દિલમાં તમારી યાદ છે.
આજે મા તમે નથી એ જ અમારી ફરિયાદ છે.
જગતની દરેક સમૃદ્ધિ મળે પણ માતૃત્વ સમી
આપની છાયા ક્યાં ન મળે.
દરેક પળ અને પ્રસંગે આપની ખોટ પડશે,
છતાં આપના આશીર્વાદ અમારી જોડે છે એ અમને વિશ્વાસ છે.
"મા" તમારી ખૂબ જ યાદ આવે છે...
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...
"મા તુજે સલામ"

લિ.

વિભૂતિ બી. પંડ્યા — હિતેશ એ. રાવલ
અરૂણા એચ. ભટ્ટ — નીતા એચ. રાવલ
મંદાકિની એચ. જોષી — ઉદય એ. રાવલ
ઈન્દીરા પી. રાવલ — ભારતી યુ. રાવલ
સોનલ એચ. વ્યાસ

હની ● મીઠુ ● ઋચા ● મેધા ● આસ્થા

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com